જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૮/૨૦૨૨  રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૪૪૫/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫ | ૩,૬૫,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન

## લેપટોપ તથા ટેબલેટ ચોરીના આરોપીને ગણતરીની કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી પાડતી ગુજ.યુનિ.પોલીસ

I/C પોલીસ કમિશ્નરશ્રી અજયકુમાર ચૌધરી સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ ડો.લવીના સિન્હા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ખ" વિભાગ એલ.બી.ઝાલા સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા સારૂ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે પોલીસ ઇન્સ્પેકટરશ્રી વિ.જે.જાડેજા ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ એ.એસ.આઇ ઇન્દ્રજીતસિંહ મહોબતસિંહ નાઓની સુચનાથી તથા પો.કો.શક્તિસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૭૧૭૮ તથા પો.કો.સહદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૦૨૨૮ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.ન-૧૧૧૯૧૦૧૭૨૨૦૪૧૦/૨૦૨૨ ધી.ઈ.પી.કો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબના ગુનાના કામે આરોપીને ચોરીમાં ગયેલ DELL કંપનીનુ લેપટોપ તથા LENOVO કંપનીના ટેબલેટ નંગ-03 સાથે પકડી પાડી તથા મુદ્દામાલ કબ્જે કરી ગુનાના કામે DELL કંપનીનુ લેપટોપ તથા LENOVO કંપનીના ટેબલેટ નંગ-03 કબજે કરી અત્રેના પો.સ્ટે.નો અનડીટેક્ટ ગુનો ગણતરીના કલાકોમાં ડીટેક્ટ કરી ગુજ.યુનિ.પોલીસે પ્રશંશનીય કામગીરી કરેલ છે. આરોપીનુ નામ-. લલ્હરીઅતપુઇઆ ઉર્ફે સ્ટીવ S/O લલોફેલા ચેનકુઅલ ઉ.વ.૨૯ ધંધો.મજુરી રહે.સી.જે.એપાર્ટમેન્ટના ધાબા ઉપર, ગણેશ મંદિર સામે, આલ્ફા મોલ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ શહેર મુળ વતન.ગામ.કોવનપુઇ થાના.કોવનપુઇ જી.કોલાસીબ રાજય.મીઝોરમ

### કબ્જે કરેલ મુદ્દામાલ-

DELL કંપનીનુ લેપટોપ કિ.રૂ.૧૦,000/- તથા LENOVO કંપનીના ટેબલેટ નંગ-03 કિ.રૂ.૯000/- મળી કુલ્લે કિ.રૂ.૧૯,000/- ગણી શકાય

### શોધાયેલ ગુનો –

ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૨૦૪૧૦/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ

# <u>કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ</u>

(૧) એ.એસ.આઇ ઇન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૫૪૦૮ (૨) હે.કો.પ્રદ્યુમનસિંહ જટુભા બ.નં.૪૨૪૫ (૩) પો.કો શક્તિસિંહ મહેન્દ્રસિંહ બ.ન-૭૧૭૮ (૪) પો.કો.સહદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૦૨૨૮ (૫) પો.કો. વિક્રમસિંહ જોરસંગભાઈ બ.ન-૧૦૦૧૦ (૬) પો.કો.દિગ્વીજયસિંહ લક્ષ્મણસિંહ બ.નં.૧૦૨૭૨ (૭) પો.કો.વિશાલભાઇ જયેશભાઇ બ.નં.૧૨૫૬૬ (૮) પો.કો.પ્રવિણભાઇ કનુભાઇ બ.નં.૧૨૩૩૩ (૯) પો.કો.ભાવેશભાઇ અમ્રુતભાઇ બ.નં.૭૨૮૫ (૧૦) પો.કો. કલ્પેશકુમાર પ્રવિણભાઇ બ.નં.૧૨૬૧ (૧૧) લોકરક્ષક મયુરભાઇ મનજીભાઇ બ.નં.૧૩૯૨૪





# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વેજલપુર પોલીસ સ્ટેશન

## વેજલપુર પોલીસ સ્ટેશનના ભારતીય બનાવટના વિદેશીદારૂના ગુનાના કામે નાસતા ફરતા આરોપીને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગંભીર ગુનાના આરોપીઓને શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેકટરશ્રી એચ.સી.ઝાલા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન મુજબ કાગડાપીઠ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ.શ્રી એન.જે.મારૂ તથા સ્ટાફના માણસો સાથે તા.૧૨/૦૮/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુનાઓ બનતા અટકાવવા સારૂ પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના પો.કો.રાજેન્દ્રસિંહ ભાવસિંહ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે વેજલપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૮૨૨૦૭૭૬/૨૦૨૨ ધી પ્રોહી કલમ-૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી નામે હિતેષ ઉર્ફે હયો ભાલચંદ્ર મકવાણા ઉ.વ.૨૨ રહે.મ.ન.૮૨ પુરાણી હાઉસિંગ સોસાયટી મજુરગામ ગીતામંદિર રોડ અમદાવાદ શહેર નાને પકડી સી.આર.પી.સી કલમ-૪૧(૧)(આઇ) મુજબ આજરોજ તા.૧૨/૦૮/૨૦૨૨ ના કલાક ૨૧/૦૦ વાગે અટક કરી નાસતા ફરતા આરોપીને પકડી વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપી સારી કામગીરી કરેલ છે.

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઇ.એન.જે.મારૂ

(૨) હે.કો.કનુભાઇ ભુપતભાઇ

(૩) પો.કો.રાજેન્દ્રસિંહ ભાવસિંહ

(૪) પો.કો.રવિરાજસિહ સહદેવસિહ

(૫) પો.કો.દિવ્યરાજસિહ પ્રતાપસિહ



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૪૬/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૮૭ લીટર દેશી દારૂ, ૪૭૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૯ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૮૬,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૪૭/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## મંદિરમાંથી ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪૪૮/૨૦૨૨

**અમરાઈવાડીઃ** વાસુદેવ કાંતીલાલ રાવલ (રહે. ભુમી એપાર્ટમેન્ટ રણછોડજીનો વાસ અમરાઈવાડી) એ તા.૧૩/૦૮/૨૦૨૨ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૦૮/૨૦૨૨ સવારના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અમરાઇવાડી જોગણીમાતાના મંદિર પાછળ શંકર ભગવાનના મંદિરની દાનપેટીનું તાળું તોડી દાનપેટીમાંથી અંદાજે રોકડ રૂપિયા ૮૦૦૦/- ચોરી કરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી નવનીતભાઇ નરોતમભાઇ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪૪૯/૨૦૨૨

**ગુજરાત યુનિવર્સિટીઃ** મિત મુકેશકુમાર વાઘેલા (રહે. સુંદરવન બંગલોઝ નિર્માણ હાઈસ્કુલ પાસે વસ્ત્રાપુર) તા.૧૩/૦૮/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ગુજરાત યુનિવર્સીટી ડૉ. બાબાસાહેબ આંબેડકર ના દરવાજા નજીકથી ગાડી ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષે મિત વાઘેલાની ગાડી ઉભી રખાવી સામાન્ય બોલાચાલી કરી હતી. દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ તેની સાથેના અન્ય બે પુરૂષ મિત વાઘેલાની નજર ચુકવી ગાડીમાંથી થેલી ચોરી કરી લઈ ગયા હતા. જે થેલીમાં રોકડ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ મિત વાઘેલાએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.કાળે ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૦/૨૦૨૨</u>**

**ઇસનપુરઃ** મહેશભાઇ ભુપતભાઇ મિસ્ત્રી (રહે. ન્યુ વાઘેશ્વરી સોસાયટી કેનાલ રોડ ઘોડાસર ઇસનપુર) એ તા.૧૩/૦૮/૨૦૨૨ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૮/૨૦૨૨ સાંજના ૬/૦૦ થી તા.૧૨/૦૮/૨૦૨૨ કલાક ૨/૪૫ વાગ્યા દરમ્યાન ઘર આગળ પાર્ક કરેલ પોતાની મારૂતિ સુઝુકી કંપનીની અર્ટીગા ગાડી નંબર જીજે ૨૭ બીએસ ૫૯૬૨ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.પટેલ ચલાવે છે.

**<u>તળાવમાં ડુબી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૧/૨૦૨૨</u>**

**સોલા હાઈકોર્ટઃ** રાકેશભાઇ સ/ઓ વિનોદભાઇ રાવત (ઉ.વ.૨૬) (રહે. રાવતવાસ ઠાકોરવાસની બાજુમાં છરોડીગામ) તા.૧૩/૦૮/૨૦૨૨ બપોરના ૧૨/૪૦ વાગ્યાના સુમારે છરોડી ગામના તળાવમાં ડુબી જતા મૃત્યુ નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

**<u>પાંચમાં માળથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૨/૨૦૨૨</u>**

**નરોડાઃ** નાના ચિલોડા રીંગરોડ જુની કાકાભાજીપાઉની બાજુમાં રાધે પેરેમાઉન્ટ નામની નવી બનતી સાઇટ ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા વિપુલભાઈ ઉર્ફે બિપિન સ/ઓ દલાભાઇ વહોનિયા (ઉ.વ.૨૬) (મુળ વતન. હકનાળી ફળીયા કારીગામ તા.જી.દાહોદ) તા.૧૨/૦૮/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સાઇટના 'એ' બ્લોકના પાંચમા માળે કામ કરતા હતા ત્યારે પાંચમાં માળથી પડી જતાં ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૩/૨૦૨૨</u>**

**સાબરમતીઃ** ગુંજનબહેન દિનેશભાઈ પરમાર (ઉ.વ.૧૬) (રહે. ભાગવત સોસાયટી તુલસીનગર સામે સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૨ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને પુખરાજ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** હિતેશકુમાર ઉર્ફે કાનો મનજીભાઇ રાઠોડ (ઉ.વ.૨૯) (રહે. બળીયાનગર લાઇન નંબર-૮ પોસ્ટ ઓફિસ સામે અમરાઇવાડી) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૩/૦૮/૨૦૨૨ બપોરના ૨/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ છનાભાઇ ચલાવે છે.

**નિકોલ**ઃ દિલીપસિંહ નાથુસિંહ ચૌહાણ (ઉ.વ.૩૫) (રહે. સાલુજી ચાલી રામદેવનગરના ટેકરા ડાયમંડ મીલ પાછળ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેહુલકુમાર અમૃતલાલ ચલાવે છે.

**રામોલ**ઃ પરવીન અબ્દુલા શેખ (ઉ.વ.૩૩) (રહે. દેવાશ્રય સીટી રામોલ રેસીડેન્સી પાસે વાંચરોડ આશ્રય ફાર્મ પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

**દાણીલીમડા**ઃ આરીફભાઇ અનીસભાઇ મિર્જા (ઉ.વ.૩૬) (રહે.પીરાણા ટેકરો રામ-રહીમનો ટેકરો બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે બહેરામપુરા ચેપીરોગ હોસ્પિટલ નજીક ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૮/૨૦૨૨ સાંજના ૬/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી